ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુના વિદ્યાર્થીઓને વૈકલ્પિક ખર્ચ પેટે આપવામાં આવતી ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ યોજનાનું **"વંદનીય સંતશ્રી વાસીયાદાદા ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ યોજના"** નામાભીધાન કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.-૨૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨/૦૫/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૪-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૧/૧૧/૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃ ક્રમાંકઃઅજાક/ગ.૧/૧/ ૨૦૧૧-૧૨/૮૪૫૮-૫૯

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૩-૪-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.૨૮/ગ

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકરસાધુના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વૈકલ્પિક ખર્ચ પેટે આપવામાં આવતી ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ આપવા અંગેની યોજના અમલમાં છે.

પ્રસ્તુત ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ યોજનાનું નામાભિધાન કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજના સાથે **વંદનીય સંતશ્રી વાસીયાદાદા** નું નામ જોડીને **"વંદનીય સંતશ્રી વાસીયાદાદા ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ યોજના"** રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય,ગાંધીનગર..

સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x-------x------x